# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ડેમ-તળાવો ભરી દીધાં, એની ગેરહાજરીમાં,
ને હૈયાં ભીનાં કરી દીધાં, એની ગેરહાજરીમાં
એની ગેરહાજરીમાં, વરસી ગયા બારે મેઘ -
તંત્રના વસ્ત્રો હરી લીધાં, એની ગેરહાજરીમાં..

## હાઈકુ

આપણું રાજય!
અર્ધ-વિકસિતનું
બન્યું મોડેલ..
(બારમે ક્રમે-નંબર વન)

ઘર ના છોરાં
સ્થળાંતર કરીને -
ચાટે છે ઘંટી..
(રેલીઓમાં વેંચે આટો)

## ચિંતન

**યથા ધેનુ સહસ્ત્રેષુ વસ્તો ગચ્છતિ માતરમ્ ।**
**તથા યચ્ચ કૃતં કર્મ કર્તા રમનુગચ્છતિ ॥**

ચાણક્ય 'નીતિ શાસ્ત્ર'નો આ શ્લોક છે :

'જે પ્રમાણે હજારો ગાયોમાં ધણમાંથી પણ નાનું વાછરડું પોતાની જ માને શોધી લે છે અને એની પાસે પહોંચી જાય એમ આપણાં પૂર્વજન્મોનાં સારાં-માઠાં કર્મોનાં ફળ પણ આપણને કોઇ પણ યોનિમાં -પૃથ્વીનાં કોઇ પણ દેશનાં ખૂણામાં પણ શોધી કાઢે છે અને એ ફળ (સારાં કે માઠાં) ભોગવવાં જ પડે છે.'

ભલે તમે (ચિત્રગુપ્ત-ધર્મરાજ કે એના ચોપડામાં ન માનતા હવે પણ અત્યારના યુગમાં કોમ્પ્યુટરમાં તો માનો છો ને? વિધિ-વિધાતા-ભાગ્ય એ ગુગલ છે આપણે આજના કે પૂર્વો જન્મોમાં કરેલાં કર્મો એમાં 'ફીટ' થઇ જાય છે એ કર્મો પ્રમાણે એનું ઘર-રાજય-પરિવાર-પર્યાવરણમાં જન્મ મળે છે.

દા.ત. આ જન્મમાં કોઇને પાણી ન પાયું હોય તો બીજો જન્મ રણમાં જ મળે, ખૂબ પુણ્યશાળી કામ કર્યાં હોય તો 'રાજવી' ને ત્યાં જન્મ મળે છે. પૂર્વે કરેલા કર્મોના પરિણામ ભોગવવા જ પડે છે. કયારેક તાત્કાલિક ફળ મળે. દા.ત. ન વાંચ્યું હોય તો 'નપાસ'. એન્કાઉન્ટર કર્યાં હોય તો જેલ. એમાં પૂર્વજન્મના સત્કર્મો જમા હોય તો સીબીઆઇ તપાસમાં ઢીલ થાય પણ પરિણામ તો ભોગવવાં જ પડે!

ગાયને જેમ વાછરડું શોધી લે તેમ આપણાં કર્મોના પરિણામ-ફળ આપણને 'ભાગેડુ' થઇએ તોય શોધી જ લે.

## સુવિચાર

- સ્ત્રીઓએ બને એટલા જલ્દી લગ્ન કરવાની સલાહ છે અને પુરૂષોએ બને એટલા લગ્નથી આઘા રહેવાની સલાહ છે - **ઓશો**
- દેવ ન પથ્થરમાં છે ન માટી કે મૂર્તિમાં છે, દેવ તો છે માણસની શ્રદ્ધામાં, શ્રદ્ધા જ મોટા કામ કરે છે. - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રાચીન ધર્મ કહે છે, 'તે નાસ્તિક છે જે ઇશ્વરમાં વિશ્વાસ નથી કરતો' નવો ધર્મ કહે છે 'નાસ્તિક એ છે જેને પોતાનામાં વિશ્વાસ નથી' - **કાકા સાહેબ કાલેલકર**
- સૂર્યાસ્ત વખતે સૂર્યનાં કિરણો મધ્યાહન જેટલાં આકરા નથી હોતાં તો પછી વૃદ્ધાવસ્થામાં માણસ યુવાની જેવો આકરો હોય તે કેમ ચાલે?? - **રમેશ ઓઝા**
- સ્વસ્થ શરીર આત્માનું અતિથિ ભવન છે અને અસ્વસ્થ શરીર આત્માનું કારાગાર છે - **તમિલ કહેવત**
- સંતનું જીવન એક સતત ચાલતી લાંબી પ્રાર્થના છે - **ધર્મ સૂત્ર**
- એવો વૈભવ કે જે કયારેય અંત નથી પામતો તેને સાધુતા કહે છે - **વેદવ્યાસ**

## બોધ કથા

વિદેશી વાતાવરણ, વિદેશી લોકો, વિદેશી ખોરાક ખાનારા લોકો માટે વિદેશી દવા વેચનારા સંશોધકોએ 'ડાયાબીટીશ'ના માપ નક્કી કર્યા અને આપણા તબીબોએ જ ધોરણ કચ્છના રણમાં પણ લાગુ પાડે છે! દરેક માણસનું પ્રાકૃતિક બંધારણ અલગ હોય, એના માપ અલગ હોય, કીડીનો 'પલ્સ રેટ' અને હાથીનાં પલ્સ રેટમાં તફાવત હશે ને!! સાત્વિક અને તામસી પ્રકૃતિવાળાના પલ્સરેટ અલગ હોય - મને પલ્સ રેટ ઓછા હતા તેથી એન્જીયોગ્રાફી-પ્લાસ્ટી કરાવી લેવાની સલાહ મળી, જો કે મારા પલ્સ તો હોસ્પીટલોનાં ભાવ સાંભળીને જ વધી ગયાં! આજે પણ શ્વસું છું..

અમેરિકાના એક લેખકને રશિયામાં એટેક આવ્યો. ત્યારે સારવાર લેવા આયોજકોએ વિનંતી કરી પણ લેખકે અમેરિકા જવા આગ્રહ રાખ્યો.

અમેરિકામાં દવાખાનામાં દાખલ થયા. ડોકટરે ઓપરેશનની બધી તૈયારી કરી લીધી હતી. ત્યાં લેખકે કહ્યું, મારે કોઇ દવા લેવી નથી. ઓપરેશન કરાવવું નથી. મારે હૃદયરોગનો સામનો કરવો છે મને જે કંઇ અનુભૂતિ-પીડા થશે તેની હું નોંધ કરીશ અને તમે લોકો તમારૂં તબીબી નિરીક્ષણ કરી તમે પણ નોંધ કરો જો હું જીવી જાઉં તો મને તે લખી આપજો..

જેમ બીનઝેરી સાપનાં ફૂંફાળાથી માણસો મરે છે તેમ ડાયાબીટીઝ-હાર્ટએટેક-થી માણસો ડરથી આત્મબળ વિના જ મરે છે. લેખકે યમદૂતો સામે બંડ પોકાર્યું-લડ્યા અને જીત્યા-તેમને કંઇ ન થયું - પલ્સ રેટ દવા-ઓપરેશન વગર 'ઠેકાણે' આવી ગયા.

આ લેખકનું નામ 'નોર્મન કઝીન્સ' પછી એમણે વિશ્વ વિખ્યાત 'ધી હીલીંગ ઓફ આર્ટ' અને ધી સીલેબ્રેસન ઓફ લાઇફ લખ્યાં.

Email - sureshchandrabhatt18@gmail.com

# કીટકોના દેખાવ, આકાર, રંગો અને કાર્યોનું ઘણું વૈવિધ્ય છે, પરંતુ તે બધામાં આપણને સહુથી વધુ ગમતાં જીવોમાં પતંગિયાઓનું સ્થાન પ્રથમ હરોળમાં છે, પતંગિયાઓ સૌંદર્ય, શાંતિ, સ્વતંત્રતા અને ચંચળતાનું પ્રતિક મનાય છે

## વન્યસૃષ્ટિ પરિચય
## પતંગિયાઓનું પર્યાવરણીય મહત્વ

- હેમંત સુથાર

પ્રાણીસૃષ્ટિ, સંધિપાદ સમુદાય, કીટકવર્ગના લેપીડોપ્ટેરા શ્રેણીના જીવોમાં પતંગિયા અને ફુંદાઓનો સમાવેશ થાય છે. નમણાં, નાજૂક અને નાના અમથા આ જીવો પ્રાણીસૃષ્ટિમાં બિટલ એટલે કે ઢાળિયા પછી સહુથી વધુ જાતિઓ ધરાવે છે. વિશ્વમાં ૨,૫૦, ૦૦૦ જેટલી પતંગિયાઓ અને ફુદાઓની જાતિઓ છે જે અત્યાર સુધીમાં વર્ગીકૃત થઇ રહેલાં ૧૯ લાખ જેટલાં જીવોની જાતિમાં ૨૫ % જેટલું પ્રમાણ ધરાવે છે.

પતંગિયાઓનો ઉદ્દ્ભવ ૧૫૦૦ લાખ વર્ષ પહેલાં થયો હોવાનું મનાય છે. કરોડરજ્જુ વગરના જીવોમાં પતંગિયા ફ્લેગશીપ જાતિ ગણાય છે જેનો છેલ્લાં ૩૦૦ વર્ષથી અભ્યાસ થઇ રહ્યો છે. પતંગિયાઓનાં છેલ્લાં કારણે આપણી આસપાસના પર્યાવરણને અગણિત લાભો થાય છે. પંતગિયાઓનું હયાતી મૂલ્ય, સૌંદર્ય મૂલ્ય, શૈક્ષણિક મૂલ્ય, વૈજ્ઞાનિક મૂલ્ય, નિવસનતંત્ર મૂલ્ય, આરોગ્ય મૂલ્ય અને આર્થિક મૂલ્ય ધ્યાનમાં લેવામાં આવે છે.



આ પૃથ્વી પર માનવી સહિત અન્ય લાખો પ્રકારના જીવો છે. આ બધા જ જીવોને જીવવાનો સમાન અધિકાર છે. આ પૃથ્વી ફક્ત માનવીની માલિકીની નથી. તેથી પતંગિયાઓને પણ જીવવાનો એટલે જ અધિકાર છે. આમ પણ પંતગિયાઓ માનવી કરતાં લાખો વર્ષ પહેલાંથી આ પૃથ્વી પર હયાત હતા. પતંગિયાઓ એક રીતે આપણો પ્રાકૃતિક વારસો છે. તેથી તેનાથી થતાં ફાયદાઓની ગણતરી ન કરીએ તો પણ તેની હયાતી મહત્વની છે.

કીટકોના દેખાવ, આકાર, રંગો અને કાર્યોનું ઘણું વૈવિધ્ય છે. પરંતુ તે બધામાં આપણને સહુથી વધુ ગમતાં જીવોમાં પંતગિયાઓનું સ્થાન પ્રથમ હરોળમાં છે. પતંગિયાઓ સૌંદર્ય, શાંતિ, સ્વતંત્રતા અને ચંચળતાનું પ્રતિક મનાય છે.

પતંગિયાઓનું જીવનચક્ર રસપ્રદ છે. તેની રૂપાંતરણની અવસ્થાઓ જેવી કે ઇંડા, ઇયળ, કોશેટા અને પુખ્ત એ અભ્યાસનો વિષય બની ચુકી છે. હાનિકારક કીટકોનું નિયંત્રણ, છમ્મવેશ (મીમીક્રી) ઉત્ક્રાંતિ, જમીન શાસ્ત્ર, જૈવિક વિવિધતા અને વૈશ્વિક તાપમાન વધારો જેવા વિષયોનાં સંશોધનો માટે પતંગિયાઓ મહત્વનાં મનાય છે. પાલાવન બર્ડવીંગ પતંગિયાઓની પાંખોની રચનાના આધારે વિમાન અને પતંગોના સંશોધન હાથ ધરાયા છે. સ્વેલોટેઇમ પતંગિયાઓની પાંખો પરનાં ભીંગડાઓ દ્વારા પરાવર્તિત થતાં અને ફેલાતાં પ્રકાશનાં આધારે અસરકારક પ્રકાશ ફેંકતાં ડાયોડની શોધ થઇ શકેલ છે. નેનો ટેકનોલોજીને આધારે પંતગિયાઓનાં રંગોનો અભ્યાસ કરીને ઝેરી રંગ દ્રવ્યો વગરનાની રંગોની શોધો થઇ રહી છે.

પતંગિયાઓની પાંખોની ભાત અને રંગો પર બાહ્ય તાપમાન, સૂર્યપ્રકાશ અને ભેજની અસર જોઇ શકાય છે. તેના આધારે પતંગિયાઓની પાંખો પરનાં ઊંડી જતા કે બદલામાં રંગોને નોંધીને કોઇ વિસ્તારમાં હવાની ગુણવત્તાની ચકાસણી કરી શકાય છે. આ રીતે તે પર્યાવરણની સ્થિતિ જણાવતાં સૂચકો છે.

પતંગિયા અને ફુદાઓની હાજરી સ્વસ્થ પર્યાવરણ કે નિવસનતંત્રનું પ્રમાણ ગણાય છે. પતંગિયાઓ અત્યંત નાજૂક જીવો છે. ઠંડી, ગરમી, પવન, સૂર્યપ્રકાશ, ભેજ વગેરેની તેના પર તુરંત અસર થતી જોવા મળે છે. પતંગિયાઓ વનસ્પતિ અને અન્ય પર્યાવરણીય ઘટકો સાથે ખુબ જ નજીકથી જોડાયેલા હોય છે. આ કારણે વનસ્પતિની જાતિઓનાં પ્રમાણ કે પ્રકારમાં થતાં વધારા-ઘટાડા જેવા ફેરફારોની અસર પતંગિયાઓ પર તુરંત જોવા મળી જાય છે. જે નિવસન તંત્ર પર થતી આડઅસરો કે ફેરફારો જાણવામાં મદદરૂપ બને છે.

જે વિસ્તારમાં પતંગિયાઓ અને માદાઓ જોવા મળે છે. તેવા વિસ્તારોમાં અન્ય કરોડરજ્જૂવાળા જીવો પણ ભરપૂર માત્રામાં હશે તેવું સમજી શકાય છે. આવા વિસ્તારમાં આહાર સાંકળે કે જાળ, પરાગનયન અને હાનિકારક જીવાતોનું કુદરતી નિયંત્રણ સંતુલિત રીતે કાર્યત છે તેવું પણ સાબિત થાય છે.

પતંગિયાઓ ઘણાં જીવોનો ખોરાક છે. આહાર જાળમાં પતંગિયાઓ અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ઇંડા, ઇયળ, કોશેટા અને પુખ્યત એમ રૂપાંતરણની તમામ અવસ્થાઓ દરમિયાન તે અલગ અલગ પ્રકારના જીવોનો ખોરાક બને છે. કરોળિયાઓ, પક્ષીઓ, ચામાચીડિયા, કાચીંડા, ગરોળી જેવા સરિસૃપો, અને ઘણા બધા કરોજરજ્જૂ વગરનાં જીવોનો તે ખોરાક છે.

વિવિધ પ્રકારની માખીઓ અને ભરમીઓ પતંગિયાઓની ઇયળો અને પ્યુપા પર નભે છે. ઘણીબધી ભમરીઓ અને માખીઓની જાતિઓ પતંગિયાઓની ઇયળોમાં જ તેમનાં ઇંડા મુકીને રૂપાંતરણના તમામ તબક્કાઓ પસાર કરે છે અને તે દરમિયાન ખોરાક અને આશરો પણ મેળવે છે.

પર્યાવરણમાં પતંગિયાઓનું સહુથી મહત્ત્વનું કાર્ય તો પરાગનયનની ક્રિયામાં મદદરૂપ બનવાનું છે ખેત પાકો ઉપરાંત વિશેષ કરીને વૃક્ષો, છોડ અને ક્ષૃપોના પરાગનયનમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. પતંગિયાઓ દ્વારા થતાં પરાગનયનને અંગ્રેજીમાં સાયકોફીલી (Psychophily) કહેવામાં આવે છે. ઘણી બધી વનસ્પતિઓ એવી છે કે તેના પરાગનયનનું કાર્ય ફક્ત અચુક ચોક્કસ પતંગિયાઓની જાતિ દ્વારા જ થાય છે. પાયોનિયર નામનાં પતંગિયા તેલીયો હેમકંદ (કડાબા ફુટીકોસા) નામની વનસ્પતિનું પરાગનયન કરે છે. આવા ખાસ પતંગિયાઓની જાતિઓ લુપ્ત થાય તો તેની સાથે સાથે તેના પર આધાર રાખતી ચોક્કસ વનસ્પતિઓની જાતિઓ પણ લુપ્ત થઇ જાય. જો પતંગિયાઓની વસતી વધે તો અનાજનું ઉત્પાદન અને વનસ્પતિઓનું વૈવિધ્ય તથા વ્યાપ પણ વધે તેમ કહીએ તો ખોટું નથી. ખેતપાકો, ફળ અને ફુલની ખેતીનાં ઉત્પાદનમાં પતંગિયાઓ પોતાની વિના મૂલ્યે સેવાઓ આપે છે.

આમ, આપણી આસપાસ રમતાં-ઝુમતાં, આડા-અવળા રમતિયાળ રીતે ઉડતાં પતંગિયાઓ કુદરતની પોષણ સાંકળની મહત્ત્વની કળી છે. તે રીતે તે પ્રાણી જગતને ઉપયોગી બને છે. પરાગનયનની ક્રિયા દ્વારા તે વનસ્પતિ જગતને નવજીવન બક્ષે છે અને પૃથ્વી પરની હરિયાળી સાચવે છે. માનવોને ઘણા પ્રકારના અનાજ, ફળો, ફુલો અને મનોરંજનથી લાભાન્વિત કરે છે. ત્યારે પતંગિયાઓનું રક્ષણ એ સૃષ્ટિના રક્ષણ માટે અતિ મહત્ત્વનું બને છે. ત્યારે પતંગિયાઓનું રક્ષણએ સૃષ્ટિના રક્ષણ માટે અતિ મહત્ત્વનું બને છે. પતંગિયાઓના કુદરતી આવાસોને સ્વસ્થ અને સ્વચ્છ રાખીએ તે સહુનાં હિતમાં છે.

# આપઘાત કરવો એ અપરાધ છે અને આપઘાતમાંથી બચી જવાય તો દંડનીય અપરાધ બને છે

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

### (ભારતીય દંડસહિતાની કલમ ૩૦૯ તથા બંધારણીય કલમ-૨૧ની સમજૂતી)

વ્યક્તિને પોતાના મોત ઉપર પોતાની જ માલિકી નથી. ભારતનાં બંધારણે નાગરીકને કલમ-૨૧ મુજબ ગૌરવભેર જીવવાના અધિકાર બક્ષ્યો છે. પરંતુ નિયમો બનાવ્યા નથી, આત્મહત્યા કારદેસરનો ગુનો બને છે. જો કોઇ વ્યક્તિ આપઘાત કે આત્મહત્યાનો પ્રયાસ કરે અને તે પ્રયાસમાં નિષ્ફળ નિવડે તો આપઘાત કરવાના પ્રયાસ બદલ તેના ઉપર સેક્શન-૩૦૯ મુજબ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

આત્મહત્યા કરીને મોતને વહાલું કરવું તે અપરાધ છે અને આપઘાતના પ્રયાસમાં જીવતા રહીએ તો તે એનાથી પણ મોટો અપરાધ છે. સર્વોચ્ચ અદાલતે આજ કારણથી ઇન્ડિયન પીનલ કોડની કલમ-૩૦૯ અંગે ફેરવિચારણા કરવા માટે સંસદને કહેલ. પાંચમી પેઢી પહેલા ૧૮૬૦માં બનેલ દંડસંહિતા અંગ્રેજ હાકમોના ઇશારે બનાવવામાં આવેલ છે. ત્યારતી તેમાં સુધારો કરવામાં આવેલ નથી. ૧૮૬૦માં બનેલ દંડસહિતા ૨૧મી સદીમાં પણ બળજબરી પૂર્વક લાગુ પાડવામાં આવે છે, અને એ પણ વ્યક્તિનાં પોતાના જીવન માટે, રોગથી પીડાથી, કષ્ટથી પીડાતી વ્યક્તિને પણ ભારતનું બંધારણ સ્વમૃત્યુની મંજૂરી આપતું નથી જીવતા જીવ નર્કથી બહેતર જીવન જીવવા માટે બંધારણની કલમ-૨૧ મજબૂર કરે છે. અને સંસદમાં આ માટે સુધારા વધારા માટે 'ઇચ્છામૃત્યુ અંગે કોઇ જ નિર્ણય લેવામાં આવતો નથી. હોસ્પિટલમાં બિછાને હજારો દર્દીઓ મોતની રાહજોઇ, આશાભરી આંખે મૃત્યુની રાહ જોઇ રહ્યા છે અને પરિવાર હોસ્પીટલનો અસહ્ય બોજ ઉપાડી જીવતા જીવ મરેલા જેવો જીવે છે.'



જીંદગીથી હારીને, થાકીને, સંઘર્ષો અને ઘર્ષણો કરીને અન્યાય, અપમાન, અવગણનાથી આર્થિક શારીરિક પીડાઓથી ત્રઆસી જઇને આત્મહત્યા કરે તો તે અપરાધ છે.

વ્યક્તિ સમગ્ર જીવન જીવે છે એ સમજવા માટે કે પોતાનું જીવન એ પોતાની માલિકીનું નથી.

૧૯૯૬માં સર્વોચ્ચ અદાલતે જાહેર કરેલ હતું કે "કાયદેસર જોવા જઇએ તો માણસને મૃત્યુનો મૂળભૂત અધિકાર નથી, સિવાય કે તે કુદરતી હોય."

વર્ષ ૨૦૧૧માં સુપ્રીમ કોર્ટે ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૦૯ અંગે ફેરવિચારણા કરવા માટે ભારતની પાર્લામેન્ટને સૂચન કરેલ પરંતુ આજદિન સુધી આ સૂચનનો અમલ રાજયસભા કે લોકસભાએ કરેલ નથી એ ભારતના લોકતંત્રની બલિહારી છે.

સ્વિત્ઝરલેન્ડની ડીગ્રીતાસ નામની સંસ્થા આપઘાત કરનાર વ્યક્તિને સગવડો આપી ઇચ્છા મૃત્યુ સુધી લઇ જવામાં વ્યક્તિની મદદ કરતી હતી જે આજે અનેક વિવાદોમાં ફસાઇ છે અને સંસ્થાના પદાધિકારીઓ અદાલતના ચક્કર કાપતા થઇ ગયા છે.

પરંતુ ૪૫,૦૦૦/- રૂપિયામાં આ સેવાપુરી પાડતી સંસ્થાની ફી જોઇને ભલભલાના મોતિયા મારી જતા અને ધોયેલા મૂળા જેવા પરત ફરતા. ૭૦૦૦ પુરોમાં આ પ્રકારની સેવા પુરી પાડતી સંસ્થાનો હાલ ચારેબાજુથી વિરોધનો સામનો કરવો પડે છે.

ભારતીય ધર્મમાં પણ આપઘાતને ગુનો ગણવામાં આવ્યો છે અને પાપભીરૂતા ગણવામાં આવેલ છે. આપઘાત કરનારને મોક્ષ મળતો નથી તેવા શાસ્ત્રોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આપઘાત કરનારનાં કુટુંબીજનોને પણ હિણપત, નાલોશી, ભર્યું લાગે છે. કુટુંબમાં કોઇ વ્યક્તિ એ આપઘાત કર્યા હોય તેને સમગ્ર કુટુંબ માટે સમાજમાં ધૃણાની નજરે જોવામાં આવે છે. તેમજ આવા પરિવારને સામાજિક ધૃણાની નજરે જોવામાં આવે છે. તેમજ કુટુંબીજનોએ મોટો અપરાધ કરી નાખ્યો હોય પોતે જ ગુનેગાર હોય તેવું અનુભવે છે. વ્યક્તિએ જીવવું કે મરવું કે કાયદો નક્કી કરે છે. પોતાના જીવન ઉપર પોતાનો જ અધિકાર નથી તે જ રીતે પોતાના મોત ઉપર પણ વ્યક્તિનો પોતાનો અધિકાર ભારતીય બંધારણ મુજબ નથી જ.

# પ્રજા રાહ જુએ છે શ્રધ્ધા રાખે છે કયારેક કોઈ કૃષ્ણ આવશે ને માખણ ખવરાવશે... પણ યાદ રાખવા જેવું - પહેલો વારો તો વાંદરાનો આવવાનો.... જે રાજકારણમાં સમયસર ઠેક લગાવશે તે મટુકીને આંબશે, બાકી પ્રજાના ભાગ્યમાં તો ઠીકરા જ... આવવાના...

## ગોવિંદા આલા રે
## હળવો લેખ

- અનંત ન. વ્યાસ

જન્માષ્ટમીનો અતિ પવિત્ર દિવસ, ભૂતકાળના ભવ્ય ગૌરવને વાગોળવાનો દિવસ. ભૂતકાળને વાગોળવા સિવાય આપણી પાસે હવે બાકી શું રહ્યું છે? વર્તમાન તો અસહ્ય છે. અને ભાવિનાં ગુલાબી સ્વપ્નોમાં રાચી શકાય તેમ નથી. ભાવિ પ્રગતિનું કોઇ ચિહ્ન પણ ન જણાતું હોય ત્યાં માનવી ભૂતકાળને જ યાદ કરે. સુખની યાદોમાં અસહ્ય વેદનાઓ ઓછી થાય છે તે માટેનાં આ વલખાં, અમારો ભૂતકાળ કેવો ભવ્ય હતો. ખુદ પરમાત્માએ અવતાર લીધો, ને તેની યાદમાં આવતાં ગદગદ કંઠે જરા આનંદથી ગાય 'નંદને ઘરે આનંદ ભયો' બસ આ વિચાર થયો ને મનમાં થયું' અરે નંદને તો આનંદ થાય જ. મોટી ઉંમરે પુત્ર થયો. અને એ હતા રાજા (એ. રાજા નહિં) રાજાને ત્યાં કુંવર જન્મે ને પ્રજા ખુશ થાય. રજવાડાનો રિવાજ હતો. રાજાને ત્યાં કુંવર જન્મે તો પ્રજાના ઘરેઘરમાં સાકરનાં પૈડા વહેંચાય... પણ આજે. આ પ્રધાનોને ત્યાં પુત્રજન્મ થાય તો? પ્રધાનપદના દાવેદારો કપાળ ફટે, ભલે રાજયો ગયા. પણ રાજવીના વારસાઇ હક્ક તો પ્રધાનોએ સાચવ્યો છે. હવે તો પ્રજા પણ જાણે છે. રાજાનો કુંવર જ ગાદીએ બેસે, કાર્યકરો ગમે તેટલા કૂદે. પણ ગાદી તો પ્રધાનપુત્ર જ પામે. બિચારા પ્રધાનજી કરે પણ શું? પરંપરા અને નિયમ એ કંઇ તોડાય. ને માંડ ગાડી હાથમાં આવી હોય...

રસ્તા પર લોકો પસાર થતા જાય છે ને કનૈયાલાલની જે પુકારતા જાય છે પણ મને જરા ભ્રમણા થઇ. આ લોકો કંઇ જુદું બોલતા લાગે છે. કાન માંડ્યા ત્યાં સમજાયું.

"ડોડને ઘર આનંદ થયો જે મનમોહન લાલકી
નેનો, મોટર બાઇક કી, જય બોલો સોનૈયા માતકી"

સોનૈયા એટલે લક્ષ્મી. સમજ્યાને, ઉચ્ચારણ ભેદ મનગમતો અર્થ ન તારવવો. લોકો મંદિરમાં જાય છે. ભોળી શ્રદ્ધા સાથે, ભગવાન તો હજી રાત્રે જનમવાના છે... પણ ભાઇ. આ તો કળિયુગ છે જરા વહેલો જન્મ થઇ જાય. આપણા ડોકટર્સ જે તારીખ આપે છે તે કયાં સો ટકા સાચી પડે છે... વહેલા જાગવું સારૂં... પણ વિચારમાં ભુલાઇ ગયું કે આ તો પાંચ-હજાર વરસ પહેલાં જન્મ થઇ ચૂક્યો છે. કાલ સવારે તો લોક નાચતા નાચતા મંદિરોમાં ગાતા હશે. પોતાના સંતાનને શું ભાવે છે તેની ચિંતા કર્યા વિના લાલાને શું ભાવે તેની ચિંતા ચાલે છે ને લાલાને તો... માખણ ભાવે - મીસરી ભાવે... આ યાદ આવ્યું ને મારા એક મિત્રે બનાવેલ 'પેરોડી' યાદ આવી.

લાલાને માખણ ભાવે રે લાલાને મીસરી ભાવે રે
લોક દૂધ ડેરીનું લાવે રે, માણખ ડેન્માર્કથી આવે રે
ગાયુ ઉકરડે પ્લાસ્ટિક ચાવે રે, ગોચર આખલા ચરી ગયા રૈ

ગોચર ગાય ને નવા બિલ્ડીંગો થયા, કયાંક મંદિર પણ થયા હશે ને તેમાં બેઠેલા બાલકૃષ્ણ ગાયોને યાદ તો કરતા હશે. બાકી રાજકારણ ગોધન ગોચર ચરી જાય તો ગાય કયાં જાય? જન્માષ્ટમીને દૂધ-દહીંને માખણ ઉડાડવાનો તહેવાર ગણાય. ગામોગામ મટકીમાં દહીં-માખણ મુકાય ને ગોવિંદા મટકી ફોડવા દહીં માખણનો વરસાદ વરસાવા નીકળી પડે. લોકોને શ્રદ્ધા છે ગોવિંદો મટુકી ફોડશે. દહી - માણખ વરસશે. ચાલો વરસનો એક દહાડો તો એક માણખના દર્શન તો થશે. મટુકી નીચે મોં ફાડી ઊભા રહીએ નસીબમાં હોય તો એકાદ ટીપું પડી જાય. લોકો તો ગોવિંદા સાથે દોડતા જાય છે. કઇ ટોળી પહેલા મટકી ફોડો છે કોણ પ્રથમ મટકીને આંબે છે તેની લોકો રાહ જુઓ ને બૂમો પાડે છે.

આ ગોવિંદાઓ પણ ખરા છે. જાત-ભાતના વાઘા ધારણ કર્યા છે. આ બાજુ ત્રિરંગા વાઘાવાળા છે, તો સામી બાજુ કેસરીને ભગવા ધારણ કર્યા છે. કોઇ કોઇ સફેદ ટોપીવાળા પણ દેખાય જાય ખરા... પણ બધાનું ધ્યાન તો મટકી પર જ. લ્યો જુઓ. આ કેસરી વાઘાવાળું જૂથ મોટુ છે. એ મટુકી નીચે ગોઠવાઇ ગયા. પાયાના જે કાર્યકરો એ તો સૌથી નીચેના પીરામીડમાં ને ઉપર ચાર-પાંચ મજલા. હવે આટલે ઊંચે ચડી મટકી પકડશે કોણ - જરા હૂંસાતૂસી થઇ. દાવા પ્રતિદાવા થયા ને લ્યો જુઓ પેલા દાદાજી છાંશી વરસના આગળ આવ્યા. લોકો કહે 'ના દાદાજી' હવે આ મટકી ઊંચે છે. હવે તમારાથી નહિં પહોંચાય... પોતાનો દાવો રજૂ કરે છે. નિયમ પ્રમાણે તો મારો હક્ક... આ વાતો ચાલે છે ત્યાં ત્રીજી બાજુ કોઇએ વાંદર - ઠેક લગાવી. એ ચઢી ગયા. આ મટુકી તો પકડાઇ. પણ ના બે વેંત હજી આઘી છે. યશોદા મા બાલકૃષ્ણને બાંધતા ત્યારે દોરી ટેકી પડતી. ઇતિહાસનું પુનરાવર્તન થાય છે. મટુકી બેં વેંત આગળ છે.

આ ત્રિરંગી વાઘાવાળામાં હું હૂતાતુશી નથી. સૌ સાથે મળી યુવાનોને પાનો ચઢાવે છે. 'લે ભાઇ જરા જોશ લગાવ સરઘસ કાઢ - રેલી કાઢ - આમ ઝૂંપડે જમવા જવાથી કંઇ ન વળે. આ તો તારો હક્ક છે. તારા પિતાજીએ મટકી ઝાલેલી ને દાદીમાં તો મટકા પકડી બેસી ગયેલા. અને તું સાવ ઢીલો... પણ યુવાનને પાનો નથી ચઢતા. હજી અનુભવ લેવાનો બાકી છે. એ ભલે અનુભવ લે...'

પણ જે મટુકીએ પહોંચી ગયા છે તે શું કરે છે લોકો બૂમ પાડે છે. અરે મટકી ફોડો જલદી વરસાદ વરસાવો. પણ આ તો પાકા ગોવિંદા. પ્રથમ મટકીઓ જુએ વાહ આતો મટુકી ભરેલી છે. આ માખણ - આ ધન - કંઇ પ્રજા માટે થોડું છે. આપણે આટલે ચડ્યા શા માટે - મટુકી બે હાથે પકડી છે. પણ ફોડતાં નથી. એ તો મટુકીનું માખણ માંડે છે મોઢામાં ઓરવા. પ્રજા લાંબી ડોકે જુએ છે ને બૂમો પાડે છે. પણ આ તો જાડી ચામડીના - હજાર કરોડ કે લાખ કરોડ પ્રજાને શું ફેર છે. વરસો વરસ નવા નવા ગોવિંદા - દર પાંચ વર્ષે વળી નવા ગામોગામ. તાલુકે તાલુકે મટકીઓ બંધાય છે. ને નવા નવા ગોવિંદા પોતાના પેટ ભરતા જાય છે. પ્રજા રાહ જુએ છે શ્રધ્ધા રાખે છે કયારેક કોઇ કૃષ્ણ આવશે ને માખણ ખવરાવશે... પણ યાદ રાખવા જેવું - પહેલો વારો તો વાંદરાનો આવવાનો.... જે રાજકારણમાં સમયસર ઠેક લગાવશે તે મટુડીને આંબશે. બાકી પ્રજાના ભાગ્યમાં તો ઠીકરા જ... આવવાના...